## 1. વિધાનસભા અને વિધાનગૃહના સભ્યોની સભ્યપદ માટેની યોગ્યતાઓ જણાવો.

➢ ભારતીય બંધારણની કલમ 173 મુજબ વિધાનસભા અને વિધાનગૃહના સભ્યો માટે નીચે મુજબની લાયકાતો અનિવાર્ય છે.

(1) તે ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) વિધાનસભાના સભ્ય બનવા માટે નાગરિકની ઉંમર ઓછામાં ઓછી 25 વર્ષ જયારે વિધાનગૃહના સભ્ય બનવાની ઉંમર ઓછામાં ઓછી 30 વર્ષની હોવી જોઈએ.

(3) આ ઉપરાંત સંસદ જે લાયકાતો નક્કી કરે તે ધરાવતા હોવા જોઈએ.

## 2. ધારાસભાના પ્રકારો જણાવો.

➢ ધારાસભાના બે પ્રકાર છે : (1) એકગૃહી ધારાસભા : એકગૃહી ધારાસભા એટલે એવી ધારાસભા જે માત્ર એક જ ગૃહની બનેલ હોય. બ્રિટન, ફ્રાન્સ વગેરે દેશોમાં ભૂતકાળમાં એકગૃહી ધારાસભા હતી. પરંતુ, વર્તમાન સમયમાં એકગૃહી ધારાસભા અસ્તિત્વ ધરાવતી નથી.

(2) દ્વિગૃહી ધારાસભા : દ્વિગૃહી ધારાસભા એટલે જે ધારાસભા બે ગૃહ ધરાવતી હોય. આધુનિક લોકશાહીમાં જે ગૃહમાં પ્રજા દ્વારા પ્રત્યક્ષ રીતે ચૂંટાઈને ધારાસભ્યો બેસે છે. તેને પ્રથમ ગૃહ અને જે ગૃહમાં પરોક્ષ ચૂંટણી, નિમણુક કે વારસાગત પદ્ધતિથી ધારાસભ્યોને મોકલવામાં આવે છે. જે બીજા ગૃહ તરીકે ઓળખાય છે.

## 3. સંસદનાં બંને ગૃહોના સભ્યપદ માટેની લાયકાતો જણાવો.

➢ ભારતીય સંસદ બે ગૃહોની બનેલી છે. આ ગૃહોમાં સભ્યપદ પ્રાપ્ત કરવાની લાયકાતો નીચે મુજબ છે :

| | લોકસભા | રાજ્યસભા |
|---|---|---|
| નાગરિક્તા | ભારતીય | ભારતીય |
| ઉંમર | 25 વર્ષ કે તેથી વધુ | 30 વર્ષ કે તેથી વધુ |
| લાભનું પદ | કેન્દ્ર કે રાજય સરકારમાં સવેતન હોદો ધરાવતી ન હોવી જોઈએ. | કેન્દ્ર કે રાજય સરકારમાં સવેતન હોદો ધરાવતી ન હોવી જોઈએ. |
| કરાર કરવા સક્ષમ | નાદાર, નાદાન જાહેર થયેલ ન હોવા જોઈએ. | અસ્થિર મગજના કે નાદાર જાહેર થયેલ ન હોવા જોઈએ. |
| ગંભીર ગુના | ન્યાયાલય દ્વારા ગુનેગાર પુરવાર થાય તો સભ્યપદ ધારણ કરી શક્તા નથી. | અદાલતની કાર્યવાહી અંતે કસૂરવાર ઠરે તો સભ્યપદ ન મેળવી શકે. |
| અન્ય | વખતોવખત સંસદે જે લાયકાતો નક્કી કરે તે ધરાવતો હોવા જોઈએ. | લોકસભાના ઉમેદવાર માટેની તમામ લાયકાતો રાજ્યસભાના સભ્ય માટે પણ લાગુ પડે છે. |
| એક ગૃહમાં સભ્ય | જો રાજયસભામાં ચૂંટાય તો લોકસભામાંથી ગૃહમાં રાજીનામું આપવું પડે છે. કારણ કે માત્ર એક સભ્ય જ ગૃહમાં સભ્યપદ ધારણ કરી શકાય. | જે વર્તમાન રાજયસભાના સભ્ય લોકસભામાં તો તેઓએ રાજયસભામાં રાજીનામું આપવું પડે છે. |

4. સંસદ સભ્યોના વિશેષાધિકાર જણાવો.

- દેશના સંસદસભ્યો પ્રજાના પ્રતિનિધિ તરીકે પ્રજાના પ્રશ્નોને વાચા આપે છે. તેઓ પોતાની ફરજો કોઈની પણ શેહશરમ કે ભયમુક્ત રીતે બનાવી શકે તે માટે તેઓને વિશેષ અધિકાર આપેલ છે. આ અધિકારોમાં વાણી સ્વતંત્ર્યના હક, નિર્ભયપણે મતદાનનો હક, પ્રકાશન પ્રવૃત્તિનો હક ઉપરાંત કેટલાક સંજોગોમાં ધરપકડમાંથી મુક્તિનો વિશેષાધિકાર પ્રાપ્ત થાય છે.

5. ધારાસભાનું મહત્ત્વ જણાવો.

- લોકશાહીમાં ધારાસભાનું આગવું મહત્ત્વ છે. ધારાસભાનું કાર્ય માત્ર કાયદાઓ ઘડનાર સંસ્થા તરીકે સીમીત ન રહેતા લોકતાંત્રિક રાજકીય આ પ્રક્રિયાઓનું મહત્ત્વનું કેન્દ્ર છે.
- ધારાસભામાં વિવિધ વિષયોને લઈ ચર્ચા, બહિષ્કાર, વિરોધ, પ્રદર્શન, સર્વસંમતિ, સહયોગ, સહકાર વગેરેના દેશ્યો જોવા મળે છે. જે લોકશાહીને જીવંત રાખે છે. ધારાસભા જનપ્રતિનિધિઓને નાગરિક પ્રત્યેની ફરજો , ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત કરાવે છે.